

નવસારીમાં જર્જરિત ઈમારતનો ભાગ ધરાશાયી

દરગાહ રોડના આસોપાલવ એપાર્ટમેન્ટની હાલત અત્યંત જોખમી

જાહેર માર્ગ પર કાટમાળ પડતાં રાહદારીઓની સુરક્ષા સામે સવાલ; મહાનગરપાલિકા ક્યારે જાગશે?

નવસારી : નવસારી શહેરના દરગાહ રોડ પર આવેલી આસોપાલવ એપાર્ટમેન્ટની જર્જરિત હાલત હવે ગંભીર ચિંતાનો વિષય બની છે. વર્ષોથી ખખડધજ સ્થિતિમાં રહેલી આ ઈમારતનો એક ભાગ તાજેતરમાં તૂટી પડતાં આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ ઊભો થયો છે. ઈમારતના બાંધકામમાં ઠેરઠેર તિરાડો પડી છે, જ્યારે બીમ, કોલમ અને સ્લેબમાંથી કોંક્રિટ ખરી જતાં લોખંડના સળિયા બહાર દેખાઈ રહ્યા છે. સમગ્ર માળખું અત્યંત નબળી સ્થિતિમાં હોવાનું સ્પષ્ટ જણાઈ રહ્યું છે.

આસોપાલવ એપાર્ટમેન્ટની પાછળના ભાગે આવેલા કરિશ્મા કોમ્પ્લેક્સ તરફના રસ્તા પર પણ તૂટેલા બીમ અને પ્લાસ્ટરના ટુકડા પડવાની ઘટનાઓ બની રહી છે. આ રસ્તા પરથી દરરોજ મોટી સંખ્યામાં રાહદારીઓ અને વાહનચાલકો પસાર થાય છે. આવી સ્થિતિમાં ઉપરથી અચાનક કાટમાળ પડવાની સંભાવના સ્થાનિકો માટે સતત જોખમ ઊભું કરી રહી છે.

ઈમારતનો હિસ્સો તૂટી પડવાની ઘટના બાદ પણ મહાનગરપાલિકાની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. કોઈ જાનહાનિ થાય તે પહેલાં જોખમી બાંધકામની ગંભીરતા સમજી તાત્કાલિક પગલાં ભરવાની જરૂરિયાત છે. ઈમારતની ટેકનિકલ તપાસ કરાવી જોખમી વિસ્તારને સુરક્ષિત કરવો અને કાયદેસરની પ્રક્રિયા અનુસરી જરૂરી કાર્યવાહી કરવી જરૂરી બની છે.

શહેરના રહેણાક અને જાહેર અવરજવરવાળા વિસ્તારમાં આવેલી આવી જર્જરિત ઈમારત અંગે તંત્રની જવાબદારી માત્ર નોટિસ આપવા પૂરતી સીમિત રહી શકે નહીં. કોઈ મોટી દુર્ઘટના સર્જાય અને નિર્દોષ લોકોના જીવ જોખમાય તે પહેલાં નવસારી મહાનગરપાલિકા દ્વારા આસોપાલવ એપાર્ટમેન્ટ મામલે નક્કર કાર્યવાહી કરવામાં આવે તેવી સ્થાનિકોમાંથી પ્રબળ માગ ઊઠી છે.

માર્ગ અકસ્માતો રોકવા અલ્ટિમેટમ

નવસારીમાં હાઈવેના બ્લેક સ્પોટ પર સ્ટ્રીટલાઈટ, ક્રેશ બેરિયર અને હાઈમાસ્ટ લાઈટ લગાવવા કલેક્ટરની સૂચના.



નવસારી : નવસારી જિલ્લામાં અકસ્માતો અટકાવવા અને વાહનચાલકોની સુરક્ષા વધારવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કામગીરી તેજ બનાવવામાં આવી છે. જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને યોજાયેલી માર્ગ સલામતી સમિતિ અને ડિસ્ટ્રિક્ટ હાઈવે સેફ્ટી ટાસ્ક ફોર્સની બેઠકમાં અકસ્માત સંભવિત વિસ્તારોની સુરક્ષા, શાળા વિસ્તારોમાં ટ્રાફિક વ્યવસ્થા અને માર્ગો પરથી દબાણો દૂર કરવા સહિતના મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં નેશનલ હાઈવે-૪૮ અને ૫૬ પર આવેલા બ્લેક સ્પોટ પર અકસ્માત નિવારક પગલાં લેવા માટે સ્ટ્રીટલાઈટ, હેઝાર્ડ બોર્ડ, ક્રેશ બેરિયર, એન્ટી-ગ્લેર સ્ક્રીન અને બ્રિજ પર હાઈમાસ્ટ લાઈટ લગાવવા કલેક્ટરે સંબંધિત વિભાગોને સૂચના આપી હતી. એક્સપ્રેસ-ગણદેવા રોડ પરના નડતરરૂપ દબાણો તાત્કાલિક દૂર કરવા પણ તાકીદ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓની સુરક્ષાને પ્રાથમિકતા આપતાં અકસ્માત સંભવિત શાળા વિસ્તારોમાં ઝીબ્રા ક્રોસિંગ અને રોડ માર્કિંગની વ્યવસ્થા કરવા નિર્દેશ અપાયા હતા. આર.ટી.ઓ. વિભાગ દ્વારા શાળા-કોલેજોની આસપાસના પાંચ જોખમી સ્થળોની ઓળખ કરવામાં આવી છે. બીજી તરફ, વિદ્યાર્થીઓની અવરજવર માટે ઉપયોગમાં લેવાતી શાળા અને યુનિવર્સિટીની ૧૫૮ નાની-મોટી બસોનું યાંત્રિક ઈન્સ્પેક્શન તથા જરૂરી દસ્તાવેજોની ચકાસણી પૂર્ણ કરવામાં આવી છે. બાકી રહેલી સ્કૂલ બસો અને વાનની તપાસ પણ સત્વરે પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી હતી. માર્ગો પરથી દબાણો દૂર કરવાની ઝુંબેશમાં અત્યાર સુધીમાં કુલ ૩૫૨ દબાણો હટાવવામાં આવ્યાં છે. જેમાં નેશનલ હાઈવે-૪૮ પરથી ૨૧૯, હાઈવે-૫૬ પરથી ૧૧૨, માર્ગ અને મકાન પંચાયતના માર્ગો પરથી ત્રણ તથા સ્ટેટ હાઈવે પરથી ૧૫ દબાણોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બીલીમોરા અને ગણદેવી નગરપાલિકા વિસ્તારોમાં પણ નડતરરૂપ દબાણો દૂર કરવામાં આવ્યાં છે. ટ્રાફિક નિયમોના ભંગ બદલ ઓક્ટોબર મહિનામાં આર.ટી.ઓ. અને ટ્રાફિક વિભાગે સંયુક્ત રીતે ૧૪,૫૯૯ કેસ નોંધ્યા હતા. ઓવરસ્પીડ અને નો-પાર્કિંગના ૫,૬૭૪ કેસમાં ૯.૧૪ લાખનો દંડ વસૂલાયો હતો, જ્યારે હેલ્મેટ, સીટ બેલ્ટ અને વાહન ચલાવતી વખતે મોબાઈલના ઉપયોગ બદલ ૮,૯૨૫ કેસ કરી ૯.૪૯ લાખથી વધુનો દંડ ફટકારવામાં આવ્યો હતો. બેઠકમાં ચીખલી પ્રાંત અધિકારી નિશાંત કુંગાશીયા, નવસારી પ્રાંત અધિકારી તૃપ્તિ પટેલ સહિત આર.ટી.ઓ., હાઈવે ઓથોરિટી અને નગરપાલિકાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નવસારીમાં નકલી નંબરવાળી રિક્ષામાં વૃદ્ધાને ઠગી હતી

ગુનામાં વપરાયેલી રિક્ષાની નંબર પ્લેટ પણ નકલી નીકળી

નવસારીઃ મોટા બજાર વિસ્તારમાં 76 વર્ષીય ચંદ્રકલાબેન દેસાઈની સોનાની બંગડીની ચોરીના કેસમાં તપાસ કરી રહેલી પોલીસને ગુનામાં વપરાયેલી રિક્ષા અંગે ચોંકાવનારી હકીકત મળી છે. રિક્ષા પર લગાવવામાં આવેલી નંબર પ્લેટ અસલી નહીં પરંતુ બોગસ હોવાનું ખુલ્યું છે.

18 નવેમ્બરના રોજ બનેલી આ ઘટનામાં ટોળકીએ રિક્ષામાં વૃદ્ધાને બેસાડી તેમની સાથે ધક્કામુક્કી કરી હાથમાં પહેરેલી રૂ.1.45 લાખની કિંમતની સોનાની બંગડી ચોરી લીધી હતી. દિવસના સમયે જાહેર વિસ્તારમાં બનેલી આ ઘટનાને પગલે પોલીસ દ્વારા આરોપીઓની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

ઘટનાસ્થળ અને આસપાસના માર્ગો પર લગાવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસતાં ગુનામાં ઉપયોગમાં લેવાયેલી કાળા-પીળા રંગની રિક્ષા પોલીસના ધ્યાન પર આવી હતી. વધુ તપાસમાં રિક્ષાની નંબર પ્લેટ જ ખોટી હોવાની વિગતો બહાર આવતાં તપાસનો નવો દોર શરૂ થયો છે.

હવે પોલીસ માટે સૌથી મોટો પડકાર નકલી નંબર પ્લેટ પાછળ છુપાયેલા રિક્ષાના અસલી માલિક અને તેમાં સવાર શખ્સોની ઓળખ મેળવવાનો છે.

નવસારીમાં બે વિસ્તારમાં બાયોમેડિકલ વેસ્ટ ફેંકાતા ચકચાર

બંદર રોડ અને રિંગ રોડ પર વપરાયેલી સિરિંજ, ઇન્જેક્શન અને દવા મળી આવી



નવસારી : નવસારી શહેરના બંદર રોડ અને રીંગરોડ વિસ્તારમાં જાહેર માર્ગો પર બાયોમેડિકલ વેસ્ટનો જથ્થો મળી આવતાં સ્થાનિકોમાં ચિંતા પ્રસરી છે. ખાસ કરીને રીંગરોડ પર વપરાયેલી સિરીંજ, ઈન્જેક્શન, મેડિકલ ટ્યુબ અને દવાઓનો જથ્થો ખુલ્લામાં પડેલો જોવા મળતાં જાહેર આરોગ્યની સુરક્ષા સામે સવાલો ઊભા થયા છે.

નિયમ મુજબ હોસ્પિટલો, ક્લિનિકો અને અન્ય આરોગ્ય સંસ્થાઓમાંથી નીકળતા બાયોમેડિકલ વેસ્ટનો અલગ સંગ્રહ કરી નિયત વૈજ્ઞાનિક પદ્ધતિથી નિકાલ કરવો ફરજિયાત છે. તેમ છતાં શહેરના વ્યસ્ત માર્ગો પર આ પ્રકારનો કચરો કોણે અને ક્યાંથી ઠાલવ્યો તે તપાસનો વિષય બન્યો છે. મેડિકલ વેસ્ટમાં રહેલી વપરાયેલી સિરીંજ અને ઈન્જેક્શનનો અસુરક્ષિત સંપર્ક બાળકો, રાહદારીઓ, સફાઈ કર્મચારીઓ તેમજ રખડતાં પશુઓ માટે ચેપનું જોખમ ઊભું કરી શકે છે.

જાહેર સ્થળોએ જોખમી મેડિકલ કચરો ફેંકવાની ઘટના સામે આવતાં આરોગ્ય વિભાગ અને મહાનગરપાલિકાની દેખરેખ વ્યવસ્થા અંગે પણ પ્રશ્નો ઊઠી રહ્યા છે. આ કચરો કઈ હોસ્પિટલ, ક્લિનિક કે મેડિકલ સંસ્થામાંથી આવ્યો છે તેની તપાસ કરી જવાબદારોની ઓળખ કરવી જરૂરી બની છે.

સ્થાનિક નાગરિકોએ બંદર રોડ અને રીંગરોડ પરથી મેડિકલ વેસ્ટનો તાત્કાલિક સુરક્ષિત નિકાલ કરાવવા તેમજ આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસી કચરો ફેંકનારની ઓળખ કરવાની માગ કરી છે. સાથે જ બાયોમેડિકલ વેસ્ટના નિયમોનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવા અને ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે નિયમિત દેખરેખ રાખવા તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

ભીલાડ રેલવે સ્ટેશન નજીક ટ્રેનમાંથી પડી જતાં અજાણ્યા પુરુષનું મોત

વલસાડઃ ભીલાડ રેલવે સ્ટેશનની દક્ષિણે આવેલી અપ રેલવે લાઈન પર કોઈ અજાણી ટ્રેનમાંથી અકસ્માતે ઝાડી-ઝાંખરામાં પડી જવાથી એક અજાણ્યા પુરુષનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર ગત તા.૨૦/૧૧/૨૦૨૬ના રોજ સવારે ૮:૩૦ વાગ્યા પહેલાં કોઈપણ સમયે આ અકસ્માત સર્જાયો હતો. શરીરે ગંભીર ઈજાઓ થવાને કારણે મૃત્યુ પામેલા આ પુરુષનો મૃતદેહ સડી ગયેલી હાલતમાં મળી આવ્યો હતો. મૃતકની ઉંમર આશરે ૩૫થી ૪૦ વર્ષની વચ્ચે હોવાનું અનુમાન છે. મૃતકના વર્ણન મુજબ, તે શરીરે મજબૂત બાંધાનો, ૫ ફૂટ ૫ ઇંચ ઊંચાઈ ધરાવતો અને ઘઉંવર્ણો છે. ઘટના સમયે તેણે કાળા અને સફેદ કલરનું લાઈનિંગવાળું ફુલ બાંયનું શર્ટ તથા બ્લુ કલરનું જીન્સ પેન્ટ પહેરેલું હતું.

સંક્ષિપ્ત સમાચાર

રાઇફલ સ્પર્ધામાં ચીખલીની એ.બી. સ્કૂલના વિદ્યાર્થીઓ ઝળક્યા



ધોજ : જામનગર ખાતે રાઇફલ શૂટિંગ સ્પર્ધાનું આયોજન થયું હતું.એમાં એ.બી.સ્કૂલના વિદ્યાર્થી જેમાં કુંભાણી જેનાલી જીતેન્દ્રભાઈ ધોરણ ૧૦-ઇ,શાહ જીયા જેસલ ૧૦-ઇ,કાપડીયા હરૂઝાફિરોઝ ૯-ઇ,પટેલ હાર્વી પિયુષભાઈ ૯-જી,વેગડા દક્ષ વિમલભાઈ ૧૦-ઇ આ વિદ્યાર્થીઓએ રાઇફલ શુટીંગમાં સુંદર પ્રદર્શન દાખવી શાળાનું ગૌરવ વધાર્યું છે. આ ઉત્કૃષ્ટ દેખાવ બદલ શાળાના ટ્રસ્ટી નિર્મલભાઈ, આચાર્યા પ્રિતિબેન અને શિક્ષકોએ અભિનંદન પાઠવ્યા હતા.

વૈજ્ઞાનિક પદ્ધતિથી પશુપાલન માટે આંબાપાડા ખાતે ખાસ તાલીમ



સાપુતારા : પશુ વિજ્ઞાન કેન્દ્ર (પી.વી.કે.), વઘઇ, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી, વઘઇ દ્વારા 'પશુધન વ્યવસ્થાપનમાં વૈજ્ઞાનિક અભિગમ' વિષયક તાલીમ કાર્યક્રમ તારીખ ૨૧ નવેમ્બર, ના રોજ ગામ: આંબાપાડા, તા.: વઘઇ, જિ.: ડાંગ ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો.આ તાલીમમાં કુલ ૫૦ પશુપાલકોએ ઉત્સાહપૂર્વ ભાગ લીધો અને પશુપાલન અંગે મહત્વપૂર્ણ માહિતી મેળવી.કાર્યક્રમની શરૂઆત ડો. ઉત્સવભાઈ એસ. સુરતી (મદદનીશ પ્રાધ્યાપક) દ્વારા પશુ વિજ્ઞાન કેન્દ્રના ઉદ્દેશો અને કામગીરીની વિગતવાર માહિતી આપી હતી.

પારડીના બોરલાઇ ગામમાં શ્રીમદ્ ભાગવત કથાની ભવ્ય ઉજવણી



પારડી :પારડીના બોરલાઇ ગામમાં પિતૃ મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. વલસાડવાળા પ.પૂ. ડો. રોહિતભાઈ શાસ્ત્રીના મુખેથી વહેતી જ્ઞાનગંગા અને કૃષ્ણ જન્મોત્સવના પ્રસંગે સમગ્ર ગામમાં ભક્તિમય માહોલ છવાયો છે. પારડી તાલુકાના બોરલાઈ ગામના મંદિર ફળિયા ખાતે તારીખ 17-11 થી 23-11 સુધી શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરાયું છે. દરરોજ યોજાતી આ કથામાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉમટી રહ્યા છે. કથાના ચોથા દિવસે ભગવાન શ્રી કૃષ્ણનો જન્મોત્સવ ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવવામાં આવ્યો હતો.

વલસાડમાં 'ઉબાડિયા'ની સિઝન જામી

ઉબાડિયામાં તેલ કે પાણીનો ઉપયોગ કરવામાં આવતો નથી

હવે 'જૈન ઉબાડિયું' અને 'સ્વામિનારાયણ ઉબાળિયું' પણ મળે છે

વલસાડ : વલસાડ જિલ્લામાં ધીમે ધીમે શિયાળાની ગુલાબી ઠંડીની શરૂઆત થઈ ચૂકી છે. ઠંડીનો પારો ગગડતાની સાથે જ દક્ષિણ ગુજરાત અને ખાસ કરીને વલસાડની ઓળખ ગણાતી પરંપરાગત શિયાળુ વાનગી 'ઉબાડિયા'ની સીઝન પૂરબહારમાં જામી છે. વલસાડનું પરંપરાગત ઉબાડિયું સ્વાસ્થ્ય માટે એક ઉત્તમ અને પૌષ્ટિક વિકલ્પ સાબિત થઈ રહ્યું છે. આ વાનગીની સૌથી મોટી ખાસિયત એ છે કે તેને માટીના માટલામાં કુદરતી વરાળથી શેકીને બનાવવામાં આવે છે. આખી પ્રક્રિયામાં તેલ કે પાણીનો જરા પણ ઉપયોગ થતો નથી. શિયાળામાં મળતા તાજા અને પૌષ્ટિક કંદમૂળ તથા લીલા શાકભાજીથી ભરપૂર આ વાનગી સ્વાદિષ્ટ હોવાની સાથે શરીરને ગરમાવો અને પૂરતું પોષણ આપે છે, જેના કારણે તબીબો પણ શિયાળામાં તેને ખાવાની સલાહ આપતા હોય છે.

માટીના માટલામાંથી નીકળતા આ ગરમાગરમ ઉબાડિયાને લીલી ચટણી સાથે પીરસવામાં આવે છે, જેનો સ્વાદ દાઢે વળગી રહે તેવો હોય છે. વલસાડના ઉબાડિયાની લોકપ્રિયતા માત્ર સ્થાનિક લોકો પૂરતી જ સીમિત નથી, પરંતુ મુંબઈ થી લઈ સુરત, અમદાવાદ સુધી તેનો ભારે ક્રેઝ જોવા મળે છે. શિયાળાની ઠંડીમાં ખાસ ઉબાડિયાની મજા માણવા માટે હાઈવે પરથી પસાર થતા વાહનચાલકો વલસાડમાં રોકાય છે અને પરિવાર માટે પાર્સલ પણ લઈ જાય છે. ઠંડી વધતાની સાથે જ ઉબાડિયાની માંગમાં મોટો ઉછાળો આવ્યો છે, જેનાથી સ્થાનિક વિક્રેતાઓ અને ખેડૂતોને પણ સારી એવી રોજગારી મળી રહી છે.

આ રીતે ઉબાડિયું બનાવવામાં આવે છે

"ઉબાડિયું બનાવવાની રીત પણ અત્યંત અનોખી અને પરંપરાગત છે. સૌપ્રથમ સુરતી પાપડી, રતાળું, નાના બટાકા અને શક્કરિયાને સારી રીતે ધોઈ લેવામાં આવે છે. ત્યારબાદ તેમાં લીલું લસણ, લીલા મરચાં, આદુ, અજમો અને ખાસ દેશી મસાલાનો લેપ લગાવવામાં આવે છે. આ તમામ સામગ્રીને માટીના માટલામાં ભરી, તેના મોઢા પર કલારના પાન અને સૂકું ઘાસ દબાવીને બંધ કરી દેવામાં આવે છે. પછી આ માટલાને જમીન પર ઊંધું મૂકી, તેની આસપાસ સૂકા લાકડા અને પાંદડા સળગાવી ધીમા તાપે અંદાજે ૪૫ મિનિટથી એક કલાક સુધી શેકવામાં આવે છે. આ વર્ષે વિક્રેતાઓએ દરેક વર્ગના લોકો આ વાનગીનો સ્વાદ માણી શકે તે માટે પરંપરાગત ઉબાડિયા ઉપરાંત ખાસ જેવી નવી વેરાયટી પણ રજૂ કરી છે, જેમાં કંદમૂળ કે લસણનો ઉપયોગ કર્યા વિના પણ એવો જ અદ્ભુત સ્વાદ આપવામાં આવે છે.

જિગરભાઈ પટેલ-ઉબાડિયું વેચનાર

વલસાડ જિલ્લા પંચાયતના પૂર્વ જિલ્લા ઉપપ્રમુખ દેવજીભાઈ ગાવઢાનું નિધન



વલસાડ : કપરાડા તાલુકાના કરંજુન ગામના અને ભારતીય જનતા પાર્ટીના સમર્પિત કાર્યકર અને પૂર્વ જિલ્લા ઉપપ્રમુખ દેવજીભાઈ ગાવઢાનું શનિવારે અચાનક નિધન થતા ભાજપ પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. તાલુકા ભાજપ પ્રમુખ અરવિંદ કોતી એ ભાજપ પરિવારના આગેવાન દેવજી ભાઈના દુ:ખદ અવસાનના સમાચારથી અત્યંત દુ:ખની લાગણી અનુભવવી હોવાનું જણાવ્યું હતું. સંગઠન અને સમાજ પ્રત્યેની તેમની સેવાભાવના તથા સમર્પણ હંમેશાં સ્મરણીય રહેશે. તેમના અવસાનથી સમાજે એક સેવાભાવી અને કર્મનિષ્ઠ વ્યક્તિત્વ ગુમાવ્યું હોવાનું જણાવ્યું હતું. સદગતના અંતિમ સંસ્કાર કરજુન ખાતે રવિવારે સવારે 9 કલાકે કરવામાં આવશે.







